પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૯૯ | ૯ જાન્યુઆરી, ૨૦૧૯, બુધવાર; પોષ સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**હિમાલય ક્વીનમાં આગ**

વૈશ્વિક વારસામાં સામેલ કાલકા-શિમલા વચ્ચે દોડતી હિમાલય ક્વીન ટ્રેનમાં આગ ભભુકી ઉઠી હતી. એન્જીનમાં આગ લાગી તે સમયે ૨૦૦ યાત્રીઓ તેમાં સવાર હતા. જો કે જાનહાનીના કોઈ સમાચાર નથી.

**નિલેકણી ડિજીટલ પેમેન્ટ કમિટીના ચેરમેન**

રીઝર્વ બેંકે ડિજીટલ પેમેન્ટ કમિટીના ચેરમેનપદે ઈન્ફોસીસના કો-ફાઉન્ડર નંદન નિલેકણીની નિયુક્તી કરી છે. નંદન નિલેકણીને પાંચ સભ્યોવાળી ઉચ્ચસ્તરીય કમિટીના હેડ બનાવાયા છે.

**જાણીતા સર્જક રાકેશ રોશન કેન્સરગ્રસ્ત**

અભિનેતા રીતીક રોશનના પિતા અને જાણીતા સર્જક રાકેશ રોશન ગંભીર બીમારીમાં પટકાયા છે. તેમને પ્રથમ સ્ટેજનું કેન્સર થયુ હોવાની જાણકારી તેમના દિકરાએ સોશીયલ મીડિયા પર આપી હતી.

**ભારત-ચીન સીમાએ પુનઃ વિવાદ**


તિબેટ પાસે ભારતીય સીમાની નજીક ચીને યુદ્ધ ટેન્ક ગોઠવ્યા છે. આ સાથે જ કેટલાક સૈનિકો પણ હિમાલયના વિસ્તારોમાં ગોઠવી દેતા ભારત-ચીન સીમાએ વિવાદ વધ્યો છે.

**અમેરિકા-ચીન વચ્ચે મંત્રણા શરૂ**

અમેરિકા-ચીન વચ્ચેનું વેપાર યુદ્ધ હળવું થવાની શકયતા છે. બંને દેશના પ્રતિનિધિઓએ વાટાઘાટ શરૂ કરી હતી. ચીનનું અર્થતંત્ર ધીમી ગતિએ ચાલી રહ્યું છે અને અમેરિકાના વ્યાપાર પર પણ અસર થઈ છે.

# આખરે ૧૦ ટકા અનામત વિધેયક પસાર

**હવે રાજ્યસભામાં ચર્ચા થશે : રાત્રે ૧૦ વાગ્યે લોકસભામાં બીલ પસાર : ૩૨૩ મત સમર્થનમાં અને ૩ વિરોધમાં : અન્ના ડીએમકેનો સભા ત્યાગ**



ન્યુ દિલ્હી, તા.૮

આખરે આજે રાત્રે દશ વાગે આર્થિક પછાત સવર્ણો માટે નું સંવિધાન સંશોધન બીલ મંજુર કરાયું હતું બીલના પક્ષમાં ૩૨૩ અને વિરોધમાં માત્ર ત્રણ મત પડ્યા હતા, વર્તમાન રાજનીતિમાં એક નિર્ણાયક અને દૂરોગામી અસરો-વમળો અને લોકસભાની એપ્રિલ-મેમાં યોજાનાર આગામી ચૂંટણીઓના જંગના મેદાનમાં લગભગ મુખ્ય મુદ્દો બની રહે તેમ આર્થિક રીતે ગરીબ સવર્ણોને ૧૦ ટકા અનામત આપવાનું વિધેયક આજે લોકસભામાંથી ૧૦ કલાકની લાંબી ચર્ચાના અંતે પસાર થયું હતું. કેન્દ્રના મંત્રી થાવરચંદ ગેહલોત દ્વારા બપોરે ૧૦ ટકા અનામત વિધેયક રજૂ કરાયું હતું. તેમણે દાવો કર્યો કે હિન્દુ, મુસ્લિમ અને ખ્રિસ્તી સમુદાયના આર્થિક રીતે નબળા હોય તેવા તમામ લોકોને સરકારી નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતનો લાભ મળશે. નાણામંત્રી અરૂણ જેટલીએ ખુલાસો કર્યો કે આ ૧૦ ટકા અનામત જાતિ આધારિત નથી. તેથી તેને સુપ્રિમ કોર્ટે અનામતની જે ૫૦ ટકા મર્યાદા બાંધી છે તેને નહીં નડે. ૫૦ ટકા અનામતની મર્યાદા કાસ્ટ બેઝ છે અને આ ૧૦ ટકા અનામત કોઈ જાતિ આધારિત નથી પણ આર્થિક આધારિત છે. અને તેમાં સામાન્ય વર્ગનો સમાવેશ થાય છે. મંત્રીમંડળના દલિત મંત્રી રામવિલાસ પાસવાને તેને ટેકો આપ્યો હતો. તેમણે આ વિધેયક કે જે કાયદો બનશે તેને કોઈ કોર્ટમાં પડકારી ના શકે તે માટે તેને બંધારણની નવમી યાદીમાં સામેલ

● અનુસંધાન પાના ૭ પર

## મુસ્લિમો અને ખ્રિસ્તીને પણ લાભ થશે : થાવરચંદ ગહેલોત

નવીદિલ્હી, તા. ૮

કેન્દ્ર સરકાર તરફથી સામાન્ય વર્ગ માટે ૧૦ ટકા અનામતની વાત કરવામાં આવ્યા બાદ દેશના ખ્રિસ્તી અને મુસ્લિમ સમાજના ગરીબને પણ આનો લાભ મળશે. આ અંગેની માહિતી સામાજિક કલ્યાણ મંત્રી થાવરચંદ ગહેલોત દ્વારા આપવામાં આવી હતી. આ પ્રસ્તાવને મંજુરી આપનાર ૧૨૪માં બંધારણીય સુધારા બિલને રજૂ કરતા ગહેલોતે કહ્યું હતું કે, આ હેઠળ તમામ વર્ગના લોકોને આવરી લેવામાં આવશે. અનામતનો આધાર સામાજિક અને શૈક્ષણિક નહીં બલ્કે આર્થિક રહેશે. પોતાના ભાષણમાં ડાબેરીઓએ કહ્યું હતું કે, ચૂંટણીના સમયે આ બિલ લાવવામાં આવ્યું છે.

## સુપ્રીમ કોર્ટનો ચુકાદો સરકાર માટે બોધપાઠ સમાન : કોંગ્રેસ

**તપાસ સંસ્થાઓને ખાસ હેતુસર ઉપયોગ કરાયો : ખડગે**

નવી દિલ્હી, તા. ૮

સીબીઆઈના ડિરેક્ટર તરીકે આલોક વર્માને ફરી બહાલ કરી દેવામાં આવ્યા છે પરંતુ હાલમાં તેમના મામલે ગુંચવણ અકબંધ રહેશે. સુપ્રીમ કોર્ટે તેમના હાથ બાંધી રાખ્યા છે. આ સમગ્ર મામલામાં કોર્ટનો ચુકાદો આવ્યા બાદ આ અંગે પ્રતિક્રિયા આપતા વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, અમે કોઈ વ્યક્તિ વિશેષની વિરુદ્ધમાં નથી. સુપ્રીમ કોર્ટના ફેંસલાનું સ્વાગત કરીએ છીએ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો સરકાર માટે બોધપાઠ સમાન છે. કેટલાક લોકો ઉપર દબાણ લાવવા માટે તપાસ સંસ્થાઓનો ઉપયોગ કરવામાં આવશે. આવતીકાલે કોઈ બીજા પણ આવી જ રીતે આગળ વધશે. આવી સ્થિતિમાં લોકશાહી ખોરવાઈ જશે. સીબીઆઈ વિવાદમાં એનજીઓ

● અનુસંધાન પાના ૭ પર

# આલોક વર્મા પુનઃ સીબીઆઈ ડાયરેક્ટર

નવી દિલ્હી,તા. ૮

સીબીઆઈ વિરુદ્ધ સીબીઆઈ મામલે ચાલી રહેલા કેસ મામલે આજે કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માને ફરી સીબીઆઈ વડા બનાવ્યા હતા. જો કે આલોક વર્મા હાલમાં કોઈ નીતિગત નિર્ણય કરી શકશે નહીં. આલોક વર્માની સામે ઉચ્ચસ્તરીય સમિતી તપાસ કરી શકે છે. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને ઉપયોગી ગણવામાં આવે છે. જ્યાં સુધી આ મામલામાં કોઈ કમિટિ નિર્ણય લેશે નહીં ત્યાં સુધી આગળ વધી શકાશે નહીં. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ૨૩મી ઓક્ટોબર ૨૦૧૮ના એવા નિર્ણયને ફગાવી દીધો હતો જેમાં કેન્દ્ર સરકારે સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માને રજા ઉપર મોકલી દેવાનો આદેશ કર્યો હતો. કેન્દ્ર સરકારે સીબીઆઈ ડિરેક્ટર આલોક વર્માને રજા ઉપર મોકલી

● અનુસંધાન પાના ૭ પર

**સીબીઆઈ ડાયરેક્ટર બન્યા પરંતુ હાલ હાથ બંધાયેલા રહેશે : આલોક વર્મા સીબીઆઈના ડિરેક્ટર તરીકે કોઇ મોટા નિતીગત નિર્ણયો લઇ શકશે નહીં : તેમના મામલામાં કમિટિ જ નિર્ણય કરશે : સુપ્રીમ કોર્ટનો ચુકાદો**



# અયોધ્યા કેસ માટે પાંચ જજની બેંચ

**આવતીકાલથી ભારે સસ્પેન્સની સ્થિતિ વચ્ચે સુનાવણી પર તમામની નજર કેન્દ્રિત : ચર્ચાસ્પદ અયોધ્યા મામલામાં ઝડપથી સુનાવણીની માંગ વચ્ચે પાંચ જજની બંધારણીય બેંચની રચના કરાઇ : રંજન ગોગોઈ બેંચનું નેતૃત્વ કરવા સુસજ્જ**

નવી દિલ્હી,તા. ૮

ભારે ચર્ચાસ્પદ અયોધ્યા મામલામાં સુનાવણી માટે સુપ્રીમ કોર્ટે પાંચ જજની બંધારણીય બેંચની રચના કરી દીધી છે. આ બેંચ હવે ૧૦મી જાન્યુઆરીના દિવસથી મામલામાં સુનાવણી કરવામાં આવનાર છે. આ બેંચનુ નેતૃત્વ ચીફ જસ્ટીસ રંજન ગોગોઈ કરનાર છે. આ ઉપરાંત અન્ય ચાર જજજસ્ટીસ એએ બોબ્ડે, જસ્ટીસ એનવી રમન્ના, જસ્ટીસ યુયુ લલિત અને જસ્ટીસ ડીવાય ચન્દ્રચુડનો સમાવેશ થાય છે. આ મામલે ઝડપથી સુનાવણી કરવા માટેની માંગ કરવામાં આવી રહી હતી. હવે અયોધ્યા મામલે સુનાવણી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. અગાઉ સુપ્રીમ કોર્ટે રામ જન્મભૂમિ બાબરી મસ્જિદ જમીન વિવાદ પર



ચોથી જાન્યુઆરીના દિવસે ફરી એકવાર સુનાવણી ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન હાઉસફુલની સ્થિતિ રહી હતી. પગ મુકવાની પણ જગ્યા ન હતી. સીજેઆઈની સામે આ મામલો આવતાની સાથે જ સેંકડોના ગાળામાં જ સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દીધી હતી. તે પહેલા જેની રાજકીય વર્તુળો અને દેશના લોકો ઉત્સુકતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા તે વર્ષો જુના અયોધ્યા વિવાદ કેસના મામલામાં સુનાવણી સુપ્રીમ કોર્ટે ૨૯મી ઓક્ટોબરના દિવસે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહ સુધી ટાળી દીધી હતી. ચીફ જસ્ટીસ રંજન ગોગોઈના નેતૃત્વમાં રચવામાં આવેલી બેંચે અયોધ્યા વિવાદ મામલામાં સુનાવણી જાન્યુઆરી ૨૦૧૯ સુધી ટાળી દીધી હતી. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસના નેતૃત્વવાળી બેચમાં સંવેદનશીલ અયોધ્યા રામ મંદિર-બાબરી મસ્જિદ જમીન વિવાદના મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જો કે ટુંકા ગાળામાં જ મામલાની સુનાવણીને ૧૦મી જાન્યુઆરી સુધી ટાળી દેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.અયોધ્યા મામલાને બંધારણીય બેંચની પાસે મોકલવાનો સુપ્રીમ કોર્ટે ઈન્કાર કરી દીધા બાદ સુનાવણીને લઈને તમામની નજર આના ઉપર કેન્દ્રિત હતી. મુસ્લિમ પાર્ટીઓ તરફથી એવી દલીલ કરવામાં આવી હતી કે, ૧૯૮૪માં ઈસ્માઈલ ફારુકી કેસમાં સુપ્રીમ કોર્ટે પોતાના જજમેન્ટમાં કહ્યું હતુ કે, મસ્જિદમાં નમાઝ અદા કરવાની બાબત ઈસ્લામનો કોઈ ભાગ નથી. આવી સ્થિતિમાં આ ચુકાદાને ફરી એકવાર ધ્યાનથી જોવાની જરૂર દેખાઈ રહી છે જેથી આ મામલાને પહેલા બંધારણીય

● અનુસંધાન પાના ૭ પર

## રાષ્ટ્રવ્યાપી હડતાળથી બેંકીંગ સેવાઓ ઠપ : નાગરિકોને હાલાકી

**બેંકિંગ, એજ્યુકેશન, કોલસા, સ્ટીલ, ટેલિકમ, વિમા ક્ષેત્ર સામેલ : હડતાળથી લોકો વિવિધ જગ્યા પર અટવાયા : વેપારી પેઢીઓ, બેન્કો, શાળા, બંધ રહી : બંગાળ સહિત ઘણી જગ્યાઓએ ઝપાઝપી થઇ : તોફાનના પ્રયાસ**







નવી દિલ્હી,તા. ૮

જુદા જુદા ટ્રેડ યુનિયનો, ખેડુતો અને ટિચર્સ એસોસિએશન તેમજ અન્ય એસોસિએશન સાથે જોડાયેલા કર્મચારીઓ તેમજ વર્કરો વિવિધ માગને લઈને આજથી બે દિવસીય રાષ્ટ્રવ્યાપી હડતાળ પર ઉતરી ગયા હતા. હડતાળના કારણે અનેક જરૂરી સેવા ખોરવાઈ ગઈ હતી. બેંકિંગ, એજ્યુકેશન, કોલસા, સ્ટીલ, ટેલિકોમ, હેલ્થકેર, ઈલેક્ટ્રીસિટી, ઈન્સ્યોરન્સ અને પરિવહન જેવા ક્ષેત્રોના કર્મચારીઓ હડતાળમાં જોડાયા હતા જેના ભાગરુપે રેલ રોકો અને માર્ગ રોકો કાર્યક્રમ યોજાયા હતા. જુદા જુદા મુદ્દાઓને લઈને મોદી સરકારની નિષ્ફળતા સામે આ આયોજન કરવામાં આવ્યા હતા. આમા ટ્રેડ ઉપરાંત લેબર અને અન્ય પણ જોડાયા હતા. સવારથી હડતાળ શરૂ થતા તમામ સેવા પર માઠી અસર થઈ હતી. જો કે બંધની કેટલીક જગ્યાએ નહીંવત અસર દેખાઈ રહી હતી. જ્યારે કેટલાક વિસ્તારોમાં રેલવે અને રસ્તા રોકો આંદોલન યોજીને સેવા ખોરવી નાંખવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. હડતાળમાં કોઈ એક મુદ્દા નથી. જુદા જુદા સંગઠનો જુદી જુદી માંગ સાથે હડતાળમાં ઉતર્યા છે. ટ્રેડ યુનિયનો શ્રમને લઈને નવા કાયદા, પગારમાં વધારા, બઢતિની માંગ કરી રહ્યા છે. જ્યારે

● અનુસંધાન પાના ૭ પર

## ઉત્તર ભારતમાં કાતિલ ઠંડી

**જનજીવન પર માઠી અસર : ધુમ્મસની ચાદર વચ્ચે કેટલાક અકસ્માતો : હિમાચલ અને કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા : ટ્રેન-વિમાની સેવા પર પ્રતિકુળ અસર**



નવી દિલ્હી,તા. ૮

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયુ છે. દેશના મોટા ભાગના વિમાનીમથક પર ધુમ્મસની ચાદર ફેલાઈ જવાના કારણે વિમાની સેવાને માઠી અસર થઈ છે. અનેક ફ્લાઈટો નિર્ધારિત સમય મુજબ ઉંડાણ ભરી શકી નથી. જેથી યાત્રીઓને એરપોર્ટ પર અટવાઈ જવાની ફરજ પડી હતી. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા હજુ થઈ રહી છે. સાથે સાથે મેદાની ભાગોમાં પારો વધુ ગગડી ગયો છે. આગામી દિવસોમાં હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. દેશના કેટલાક ભાગોમાં માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ

● અનુસંધાન પાના ૭ પર

## વાડરાની કંપનીઓ સામે મની લૉન્ડરિંગનો ઈડીનો નવો કેસ

ન્યુ દિલ્હી,તા.૮

વર્ષ ૨૦૦૮માં હરિયાણામાં જમીન સોદાને મામલે આચરવામાં આવેલી કથિત આર્થિક અને અન્ય ગેરરીતિને મામલે ઍન્ફોર્સમેન્ટ ડિરકટરેટ (ઈડી)એ રૉબર્ટ વડરા સાથે સંકળાયેલી કંપની તેમ જ અન્યો વિરુદ્ધ મની લૉન્ડરિંગનો નવો કેસ દાખલ કર્યો હતો જેને પગલે સોનિયા ગાંધીના જમાઈ વડરાની સમસ્યામાં વધારો થયો હોવાનું અધિકારીઓએ સોમવારે કહ્યું હતું. પ્રિવેન્શન ઑફ મની લૉન્ડરિંગ ઍક્ટ (પીએમએલએ) અંતર્ગત ઈડીએ ઍન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ ઈન ઑફિશિયલ પારલન્સ તરીકે જાણીતો ફોજદારી ગુનો દાખલ કર્યો હોવાનું તેમણે કહ્યું હતું.

ગયા વર્ષના સપ્ટેમ્બરમાં હરિયાણા પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલા એફઆઈઆરને આધારે નવા આરોપ લગાડવામાં આવ્યા હોવાનું તેમણે કહ્યું હતું. હરિયાણા પોલીસે દાખલ કરેલા એફઆઈઆરમાં જણાવ્યાનુસાર વડરા સાથે સંકળાયેલી સ્કાયલાઈટ હૉસ્પિટાલિટી પ્રા.લિ.એ વર્ષ ૨૦૦૮માં ઓંકારેશ્વર પ્રોપર્ટીઝ પાસેથી ગુરગાંવના સેક્ટર ૮૩માં રૂ. ૭.૫૦ કરોડમાં સાડાત્રણ એકર જમીન ખરીદી હતી અને તે સમયે ભૂપિન્દરસિંહ હૂડા રાજ્યના મુખ્ય પ્રધાન હતા તેમ જ ટાઉન ઍન્ડ કાઉન્ટી પ્લાનિંગ ડિપાર્ટમેન્ટનો પૉર્ટફોલિયો સંભાળતા હતા.

ગાંધીનગર માટે
LED TV રીપેરીંગ માટે
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

As Well known Gandhinagar Manufacturing Company requires

Production Supervisor - 02
Qualification :
Diploma having manufacturing Industries field experience preffrable
Experience :
Experienced & Fresher can be also apply.

CRM (Customer Relationship Manager) - 01
Qualification :
BBA/MBA/Post graduate/Graduate having manufacturing Industries field experience preffrable
Experience :
Experienced & Fresher can be also apply.

R&D Manager - 01
Qualification :
BE/ME/B.Tech/M.TECH
Experience :
Min 5 years above should have experience operate latest 2D & 3D Drawing Software.

Interested Candidates Please send Your CV's to hrmanager.safal@gmail.com.

Address :
Safal Industries
Plot No. E-152, Electronics Estate, GIDC, Sector-26 , Gandhinagar - 382026
Tel : (079) - 29750246